# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) લોકસભામાં વકફ સુધારા વિધેયક, પસાર 2025, વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા સુધારાઓને નકારી કાઢવામાં આવ્યા
2) લોકસભાએ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના બંધારણીય પ્રસ્તાવને મંજૂરી આપી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે BIMSTEC સંમેલનમાં હાજરી આપવા થાઇલેન્ડની બે દિવસીય મુલાકાત માટે રવાના થયા.
4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટકા રેસિપ્રોકલ ટેરિફ 26 ટેક્સની જાહેરાત કરી.
5) આર્જેન્ટિનામાં આજથી ISSF વર્લ્ડકપ 2025નો પ્રારંભ, બે વખતનાં ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકર 43 સભ્યોની ભારતીય શૂટિંગ ટુકડીનું નેતૃત્વ કરશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# WAQF BILL-1

લોકસભાએ વકફ (સુધારા) બિલ, 2025 પસાર કર્યું છે, જેમાં વિપક્ષ દ્વારા રજૂ કરાયેલા સુધારાઓને નકારી કાઢવામાં આવ્યા છે. ગૃહે ગઇકાલે બિલને મંજૂરી આપી, જેમાં 288 સભ્યોએ પક્ષમાં મતદાન કર્યું જ્યારે 232 સભ્યોએ બિલની વિરુદ્ધમાં મતદાન કર્યું. મોડી રાત સુધી નીચલા ગૃહમાં 12 કલાકથી વધુ સમય સુધી આ બિલ પર ચર્ચા થઈ.

વકફ (સુધારા) બિલ, 2025નો ઉદ્દેશ્ય વકફ મિલકતોના સંચાલનને સુવ્યવસ્થિત કરવાનો છે, જેમાં વારસાના સ્થળોનું રક્ષણ અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ છે. આ કાયદાનો ઉદ્દેશ્ય મિલકત વ્યવસ્થાપનમાં પારદર્શિતા વધારીને, વકફ બોર્ડ અને સ્થાનિક સત્તાવાળાઓ વચ્ચે સંકલનને સુવ્યવસ્થિત કરીને અને હિસ્સેદારોના અધિકારોનું રક્ષણ કરીને શાસનમાં સુધારો કરવાનો છે. આ બિલ મુસ્લિમ મહિલાઓ, ખાસ કરીને વિધવાઓ અને છૂટાછેડા લીધેલી મહિલાઓની આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો લાવવાનો પ્રયાસ કરે છે. આ બિલનો ઉદ્દેશ્ય વકફ બોર્ડને વધુ સમાવિષ્ટ બનાવવાનો છે

બિલ પરની ચર્ચાનો જવાબ આપતા, લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે બિન-મુસ્લિમો વકફ બોર્ડના કામકાજમાં દખલ કરશે તેવી ધારણા ખોટી છે. તેમણે કહ્યું કે ભારત લઘુમતીઓ માટે સૌથી સુરક્ષિત દેશ છે. સરકાર લઘુમતી વિરોધી હોવાના વિપક્ષના આરોપને નકારી કાઢતા તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે પારસી જેવા નાનામાં નાના લઘુમતી સમુદાયનું પણ ધ્યાન રાખ્યું છે...1

(બાઈટ --- કિરણ રિજજુ )

## WAQF BILL-2

વિપક્ષના પ્રશ્નોના જવાબમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા-વિચારણા પછી આ બિલ લાવવામાં આવ્યું છે, જેને કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

ચર્ચા શરૂ કરતા, કોંગ્રેસના ગૌરવ ગોગોઈએ સરકાર પર આ બિલ પર લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે આ બિલ બંધારણની વિરુદ્ધ છે. સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે સરકાર, મોંઘવારી, બેરોજગારી, નોટબંધી અને અન્ય મુદ્દાઓ પર પોતાની નિષ્ફળતા છુપાવવા માટે આ બિલ લાવી  છે. ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ પ્રસ્તાવિત બિલને ખોટું, અતાર્કિક અને મનસ્વી ગણાવ્યું. ડીએમકેના એ રાજાએ આ બિલને ગેરબંધારણીય અને લઘુમતી વિરોધી ગણાવ્યું. ચર્ચામાં ભાગ લેતા, ભાજપના રવિશંકર પ્રસાદે વિપક્ષ પર ચર્ચા દરમિયાન બંધારણનો પસંદગીપૂર્વક ઉલ્લેખ કરવાનો આરોપ મૂક્યો. ચર્ચામાં હસ્તક્ષેપ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કોઈ પણ બિન-મુસ્લિમ વકફમાં આવશે નહીં.

-------------

(બાઈટ - અમિત શાહ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WAKF BILL--Munambam

લોકસભામાં વકફ સુધારા બિલ પસાર થયાની ખુશીમાં કેરળના કોચીના એક નાનકડા ગામ મુનમ્બમના રહેવાસીઓએ ગઈકાલે રાત્રે કેન્દ્ર સરકારના સમર્થનમાં સરઘસ કાઢ્યું હતું,તેઓએ સૂત્રોચ્ચાર સાથે ફટાકડા ફોડી પોતના ઘર હવે સુરક્ષિત રહશે એવી આશા વ્યક્ત કરીકે,હવે તેમને તેમના ઘર માંથી બહાર કાઢવામાં નહીં આવે, જ્યાં તેઓ દાયકાઓથી રહેતા હતા.

ઉલ્લેખનીય છે કે ગામના 600થી વધુ રહેવાસીઓ મુનમ્બમમાં તેમની રહેણાંક મિલકતો પર રાજ્ય વકફ બોર્ડના દાવા સામે 160 દિવસથી વધુ સમયથી આંદોલન કરી રહ્યા છે. આ મિલકતો કાલિકટમાં ફારુક કોલેજ મેનેજમેન્ટને એક વેપારી દ્વારા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે વકફ ડીડ દ્વારા ભેટમાં આપવામાં આવી હતી. રહેવાસીઓએ 60 ના દાયકામાં ફારુક કોલેજ મેનેજમેન્ટ પાસેથી જમીન ખરીદી હતી.

ગઈકાલે રાત્રે લોકસભામાં વકફ બિલ પર ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ મુનમ્બમ મુદ્દાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે સંસદમાં બિલ પસાર થયા પછી વિવાદાસ્પદ મામલો ઉકેલાઈ જશે. તેમણે નોંધ્યું કે 600 પરિવારને ઘરથી બેઘર કરવાનો મુદ્દો રાજ્ય રાજ્યના LDF અને UDF સાંસદોએ એમના સ્તરે ઉકેલી શક્યા હોત પણ પરંતુ તે નિષ્ફળ રહ્યા.

------------

# PM MODI - BIMSTEC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે BIMSTEC સમિટમાં હાજરી આપવા માટે થાઇલેન્ડની બે દિવસીય મુલાકાત માટે રવાના થયા છે

પ્રધાનમંત્રીની થાઈલેન્ડની આ ત્રીજી મુલાકાત હશે.પ્રધાનમંત્રી મોદી આજે સાંજે બેંગકોકમાં તેમના થાઈ સમકક્ષ પટોંગટાર્ન શિનાવાત્રા સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ દ્વિપક્ષીય સંબંધોના પ્રગતિની સમીક્ષા કરશે અને ભારત-થાઇલેન્ડ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરશે અને પ્રાદેશિક અને બહુપક્ષીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. તેઓ અનેક દ્વિપક્ષીય દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાના સાક્ષી પણ બનશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP TARIFFS

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર 26 ટકા રેસિપ્રોકલ (પારસ્પરિક ટેરિફ)ટેક્સની જાહેરાત કરી છે. ખાસ કરીને ઓટો સેક્ટર પર 25 ટકા ટેરિફ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવાયા છે. જયારેચીન પર 34 ટકા,બાંગ્લાદેશ પર 26 ટકા પાકિસ્તાન પર 29 ટકા શ્રીલંકા પર 44 ટકા જયારે ઇઝરાઈલ પર 17 ટકા ટેક્સ લાગુ કરવામાં આવ્યો છે

વ્હાઇટ હાઉસની પ્રેસ કોન્ફરન્સમાં, શ્રી ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા, ભારત અને અન્ય દેશની મોટર સાઇકલમાં માત્ર 2.4 ટકા ટેરિફ જ લગાવે છે જયારે અમેરિકી મોટરસાઇકલ માટે ભારત 60 ટકા અને વિયેતનામ 70 થી 75 ટકા ટેકસ વસૂલે છે. શ્રી ટ્રમ્પે તેના મુખ્ય બે વેપારી મિત્ર રાજ્ય પર એટલે કે યુરોપિયન યુનિયનની આયાત પર 20 ટકા અને યુ.કે પર 10 ટકા ટેક્સની પણ જાહેરાત કરી છે. જાપાન પર પણ, તેમણે 24 ટકા ટેક્સ લગાવ્યો. વ્હાઇટ હાઉસે કહ્યું કે, આ ટેરિફ યુનાઇટેડ સ્ટેટ્સમાં આયાત કરવામાં આવતી તમામ ઉત્પાદનો પર 10 ટકા બેઝ આયાત ડ્યુટીથી ઉપર આવે છે.

શ્રી ટ્રમ્પ જણાવ્યું કે અમેરિકા અન્ય દેશ પર એટલો ટેકસ ટેરિફ નહિ લાદે, જેટલો અન્ય દેશ અમેરિકા પર લાદે છે. તેઓએ તમામ દેશના ટેરિફનું સંયુક્ત રીતે મૂલ્યાંકન કરી આ ટેરિફ પ્લાન બનાવ્યો છે.તેમણે સાફ શબ્દોમાં કહ્યું કે વિશ્વના દેશ અમેરિકા જે ટેક્સ ટેરિફ રાખશે એના આધાર પ્રમાણે અમેરિકા તેમની સાથે વ્યાપાર કરશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

.................................................................

# LOKSABHA - MANIPUR

લોકસભાએ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના બંધારણીય પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. લોકસભામાં આ પ્રસ્તાવ પર ટૂંકી ચર્ચા થઈ હતી જેમાં કોંગ્રેસના શશી થરૂર, સમાજવાદી પાર્ટીના લાલજી વર્મા, શિવસેનાના અરવિંદ સાવંત, તૃણમૂલ કોંગ્રેસના સયાની ઘોષ અને અન્ય સાંસદોએ ભાગ લીધો હતો. આ બધાએ રાજ્યમાં ચાલી રહેલી હિંસા અને ત્યાંના લોકોને પડી રહેલી મુશ્કેલીઓનો મુદ્દો ઉઠાવ્યો.

ગૃહમાં બંધારણીય પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સરકાર મણિપુરમાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે દરેક શક્ય પ્રયાસો કરી રહી છે.

(બાઈટ ---અમિત શાહ, મણિપુર)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MYANMAR- ceasefire

મ્યાનમારમાં સૈન્યએ ગૃહયુદ્ધમાં કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત કરી છે. સૈન્યએ ભૂંકપમાં બચાવ અને રાહત કામગીરી સરળ બની રહે તે માટે 22મી એપ્રિલ સુધી લડાઈ બંધ રાખવાનો એક તરફી નિર્ણય જાહેર કર્યો છે.

મ્યાનમારમાં આવેલા ભયંકર ભૂકંપમાં અત્યાર સુધીમાં 3 હજાર થી વધુ લોકોના મોત થયા છે જયારે 4 હજાર 500 થી વધુ લોકો ઘાયલ થયા છે. મ્યાનમારમાં હાલ લશ્કરી શાસન ચાલી રહ્યું છે ત્યારે સૈન્યએ ભૂંકપમાં બચાવ અને રાહત કાર્ય ઝડપી બનાવવા માટે દેશના ગૃહયુદ્ધમાં કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત કરી છે.લશ્કરી નેતાઓ દ્વારા ગઈકાલે મોડી રાત્રે સરકારી ટેલિવિઝન પર અચાનક આ જાહેરાત કરવામાં આવી હતી.

આ જાહેરાત એકપક્ષીય કામચલાઉ યુદ્ધવિરામની છે, પરંતુ સૈન્યએ ચેતવણી આપી હતી કે તે જૂથોએ રાજ્ય પર હુમલો કરવાનું અને ફરીથી જૂથ બનાવવાનું ટાળવું જોઈએ, નહીં તો જરૂરી પગલાં લેવા પડશે. વિરોધ કરતાં દળોએ સ્વ-બચાવમાં લડવાનો અધિકારને પણ અનામત રાખ્યો છે.

---------------

# CHHATTISGARH- MAOISTS PEACE TALKS

છત્તીસગઢમાં (સીપીઆઈ) માઓવાદીઓએ છત્તીસગઢ સરકારની સામે સશસ્ત્ર સંઘર્ષ બંધ કરવાનો પ્રસ્તાવ મૂકતો પત્ર લખી શાંતિ વાટાઘાટોની ઇચ્છા વ્યક્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીપીઆઈ (માઓવાદી) સેન્ટ્રલ કમિટીએ તેલુગુમાં આ પત્ર જારી કર્યો છે. જેમાં કેન્દ્ર સરકારને ચાલુ ઓપરેશન 'કાગર' બંધ કરવાની વિનંતી કરવામાં આવી છે.

તેના જવાબમાં, છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી વિજય શર્માએ રાયપુરમાં મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે સરકારનું વલણ સ્પષ્ટ છે અને વાટાઘાટોના દરવાજા ખુલ્લા છે, પરંતુ હિંસા અને રક્તપાત સામેના તેના વલણ પર કોઈ સમાધાન થઈ શકે નહીં. તેમણે કહ્યું કે સમસ્યાનો કોઈ પણ અર્થપૂર્ણ ઉકેલ ત્યારે જ શક્ય છે જ્યારે માઓવાદીઓ શસ્ત્રો મૂકીને શરણાગતિ સ્વીકારે.

જો નક્સલવાદીઓ બંધારણનું સન્માન ન કરે અને સમાંતર વ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કરે, તો વાટાઘાટો શકય નથી. રાજ્ય સરકાર કોઈપણ પ્રકારની અર્થપૂર્ણ વાટાઘાટો માટે તૈયાર છે, જો તેના માટે કોઈ પૂર્વશરતો ન હોવી જોઈએ. શ્રી શર્માએ વધુમાં જણાવ્યું કે જો નક્સલવાદીઓ ખરેખર મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માંગતા હોય અને વાત કરવા તૈયાર હોય, તો તેમણે જાહેરમાં તેમના પ્રતિનિધિનું નામ અને શાંતિ વાટાઘાટોની શરતો જણાવવી પડશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISSF WORLD CUP

આજથી આર્જેન્ટિનાના બ્યુનોસ એર્સમાં શરૂ થઈ રહેલા ISSF વર્લ્ડ કપ 2025માં, બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર 43 સભ્યોની ભારતીય શૂટિંગ ટુકડીનું નેતૃત્વ કરશે.

બ્યુનોસ એર્સમાં શૂટર્સ રાઇફલ, પિસ્તોલ અને શોટગન સ્પર્ધાઓમાં ભાગ લેશે.વર્ષના પ્રથમ ISSF વર્લ્ડ કપ ઇવેન્ટમાં 45 દેશોના 400 થી વધુ શૂટર્સ ભાગ લેવાના છે. 43 શૂટર્સ સાથે, ભારત ટુર્નામેન્ટમાં સૌથી મોટી ટીમ સાથે મેદાનમાં ઉતરશે. ચીન 39 ખેલાડીઓ સાથે આવે છે, જ્યારે યજમાન આર્જેન્ટિના 38 શૂટર્સ સાથે ત્રીજા ક્રમે આવે છે, ત્યારબાદ કઝાકિસ્તાન 29 ખેલાડીઓની ટીમ ભાગ લઈ રહી છે.

ભારત માટે, મનુ ભાકર પિસ્તોલ ઇવેન્ટમાં ભાગ લેશે જ્યારે સૌરભ ચૌધરી પુરુષોની પિસ્તોલ ટીમનો ભાગ છે. અનીશ ભાનવાલા, વિજયવીર સિદ્ધુ, એશા સિંઘ, ઐશ્વરી પ્રતાપ સિંહ તોમર, સિફ્ટ કૌર સમરા, અર્જુન બબુતા, પૃથ્વીરાજ તોંડૈમન, અનંતજીત સિંહ નારુકા અને રાયઝા ધિલ્લોન અન્ય પેરિસ 2024 ઓલિમ્પિયન છે જેઓ બ્યુનોસ એરેસમાં જોવા મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

IPLમાં ગઇકાલે ગુજરાત ટાઇટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 8 વિકેટે હરાવ્યું.

ગઈકાલે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે ૧૭ ઓવર અને પાંચ બોલમાં બે વિકેટ ગુમાવીને ૧૭૦ રનનો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કરી લીધો. ગુજરાત ટાઇટન્સ માટે જોસ બટલરે 39 બોલમાં 73 રન બનાવ્યા

આ પહેલા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 169 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી મોહમ્મદ સિરાજે સૌથી વધુ 3 વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદનો મુકાબલો ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઇડર્સ સામે થશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગ આગામી સાત દિવસ દરમિયાન સૌરાસ્ટ્ર અને કચ્છમાં અતિશય લૂ લાગે તેવી તીવ્ર ગરમીની આગાહી કરી છે. આ દરમિયાન પશ્ચિમો ઉત્તર ભારતમાં મહત્તમ તાપમાન ત્રણ થી પાંચ ડિગ્રી સુધી વધી શકે છે.

આગામી ચાર દીવસમાં ભારત અને દક્ષિણના કેટલાક હિસ્સાઓમાં તોફાન સાથે મુશળધાર વરસાદની આગાહી કરી છે  આ વચ્ચે તમિલનાડુ, પુદ્દુચેરી, કેરલ અને તટીય રાજ્યની ઉત્થારીમાં આજે અતિશય ભારે વરસાદ થવાની સંભાવના છે. ઓડિશા,મહારાષ્ટ્ર  પશ્ચિમ બંગાળ અને ઝારખંડ માં આગામી બે કે ત્રણ દિવસમાં 50 કિલો મિત્રની ઝડપે પવન  ફૂંકાવાની સાથે હળવો વરસાદની આશંકા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .